**દ્રષ્ટિહીન, અસ્થિ વિષયક, મંદબુધ્ધિવાળા, માનસિક માંદગી તથા બહેરી-મૂંગી વ્યક્તિઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજના-સમીક્ષા કરવા બાબત...**

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ અપગ-૧૦૨૦૦૩-૧૬૬-છ.૧**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખઃ- ૧૭.૩.૨૦૦૭**

**વંચાણમાં લીધાઃ**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૯૬/૨૭૯/છ તા.૧/૭/૯૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ૧ તા.૧૧/૭/૨૦૦૬

**ઠ રા વઃ-**

આ વિભાગના ઉપર ઉલ્લેખાયેલ તા.૧૧/૭/૨૦૦૬ ના ઠરાવથી નક્કી કરાયેલ નીતિ મુજબ જે વિકલાંગ વ્યક્તિઓની વાર્ષિક આવક રૂ. ૧.૦૦ લાખ સુધીની હશે તેવી વિકલાંગ વ્યક્તિઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરીનો લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ ઠરાવની જોગવાઇ મુજબ કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર કે તે હસ્તકના બોર્ડ / કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે ગ્રાન્ટ-ઇન-એઇડ હેઠળની સંસ્થાઓના કર્મચારીઓના કિસ્સામાં નિયત કરવામાં આવેલ રૂ.૫૫,૦૦૦ ની આવક મર્યાદાના ધોરણમાં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે જરૂરી વિચારણાને અંતે રાજ્ય સરકાર આવા સઘળા કર્મચારીઓના કિસ્સામાં પણ ઉપર દર્શાવ્યા મુજબ અન્ય વિકલાંગ વ્યક્તિઓના **સમાન ધોરણે રૂ.૧.૦૦ લાખની આવક મર્યાદાનો લાભ** આપવાનુ ઠરાવે છે. આથી જે કર્મચારીઓની વાર્ષિક આવક રૂ.૧.૦૦ લાખ સુધીની હશે તેવા કર્મચારીઓને પણ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરીનો લાભ આપવામાં આવશે.

તા.૧૧/૭/૨૦૦૬ ના ઉપર ઉલ્લેખાયેલ ઠરાવના ફકરા-(૨) માં તે મુજબ આથી સુધારો કરવામાં આવે છે. આ અંગે મૂળ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

**આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.** નિયામક, સમાજ સુરક્ષાએ સુધારેલા આ હુકમોના યોગ્ય અમલીકરણ માટે આનુષાંગિક કાર્યવાહી તુરત હાથ ધરવી.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫/૩/૨૦૦૭ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**( પી.એમ.પટેલ )**
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/સર્વે માનનીય રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, વાહન વ્યવહાર ભવન, મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ.
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.. યોગ્ય અમલીકરણ માટે.
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, બ્લોક નં.૭ ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (આ અંગે બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસ-નોટ આપવાની વિનંતી સાથે)
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઇલ/'છ.૧' શાખા / 'છ ' શાખા
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.